MWAPP-LC/3/2014 ORDER

Registration No.: MWAPP-LC/3/2014
Filing No.: MWAPP-LC/3/2014
Filed On: 27/05/2014
Registered On : 27/05/2014

**IN THE LABOUR COURT AT BHAVNAGAR**

**M.W.Application NO. 3 OF 2014.**

MWAPP-LC/3/2014

**0 :**

**1.** RAMESHBHAI SAVJIBHAI
VALLBHIPUR
VALMIK VAS
BHAVNAGAR
GUJARAT

**VERSUS**

**Respondent :**

1. VALLBHIPUR NAGARPALIKA
VALLBHIPUR
BHAVNAGAR
GUJARAT

Appearance:
H.R.SOLANKI For 0 1

N.H.JADEJA For Respondent 1

---

**મીનીમમ વેજીસ અરજી નં.૩/૨૦૧૪.**

**આંક–૧૫ નીચે હુકમ**

**૧) અરજદારો તરફે દરમ્યાન મનાઈ હુકમ આપવા બાબત આ અરજી કરી છે. અને જણાવેલ છે કે, અરજદારોને સામાવાળાઓ**

પોતે જાતે નોકર કે એજન્ટ મારફત મુળ કેસ ચાલતા દરમ્યાન નોકરી છીનવે, છીનવાવે નહીં નવા કોન્ટ્રાકટર નીમે કે નીમાવે નહીં, તેઓની નોકરી હાલમાં ચાલુ છે. તેમાં ફેરફાર કરે નહીં તેઓ કામચલાઉ મનાઈહુકમ આપવા માંગણી કરેલ છે. જે અંગે સામાવાળાઓને નોટીસ કાઢતા બજી ગયેલ છે.

૨) સામા નં–૧ તરફે આ કામની આંક–૧ ની મુળ અરજીનો જવાબ આંક–૨૦ થી રજુ છે. તથા આંક–૨૧ થી અરજદારોની મનાઈ હુકમ માંગતી અરજીનો જવાબ રજુ છે. સામાવાળા નં –૨ તરફે આંક–૨૩ તથા આંક–૨૪ થી જવાબ રજુ છે.સામાવાળા નં–૩ તરફે નોટીસ બજી આવ્યાનો પુરાવો નથી.

૩) આ આંક–૧૫ ની અરજી અંગે અરજદારના વિ.વી.શ્રી ને વિગતવાર દલીલોથી સાંભળ્યા છે. સામા નં–૨ તરફે આંક–૨૩ ની રજુઆત છે.

૪ ) અરજદારો તરફેની આ અરજી સામે સામા. નં–૧ તથા સામા. નં–૨ નો જવાબ રજુ છે. જે વંચાણે લીધો છે. અરજદારની આ અરજીના પેરા ૫(અ) માં જણાવ્યા પ્રમાણે મનાઈ હુકમની માંગણી સામા નં–૧ સામે જ કરેલ છે તેમ જણાવેલ છે. જેથી તેટલા પુરતો આ અરજીમાં હુકમ કરેલ છે.

૫) આ કામે સામા. નં–૧ નો આંક–૨૧ નો જવાબ તથા આંક–૨૨ ના લીસ્ટથી રજુ કરેલ પુરાવો જોતા સામા. નં–૧ ધ્વારા અરજદારો હાલમાં નોકરી પર નથી અને તા.૧૫/૧૧/૧૪ ના રોજથી વર્ક ઓર્ડર આપી દીધેલ છે. તેમ જણાય છે. આથી સામા. નં–૧ ની રજુઆત પ્ર માણે અરજદારોને નોકરીમાંથી આજ

તારીખ પહેલા છુટા કરેલા છે પરંતુ, તે અંગે સામા. નં–૧ તરફે કોઈ લેખિત હુકમ નથી તે હકીકત છે. આ ઉપરાંત અરજદારોની મુળ આંક–૧ ની ધી મીનીમમ વેજીસ એકટ ૧૯૪૮ ની કલમ ૨૦–૨ મુજબ તથા મીનીમમ વેજીસ ગુજરાત રુલ્સ–૧૯૬૧ ના રુલ–૨૭ મુજબની અરજી હાલમાં પડતર છે. આ કાયદામાં મનાઈ હુકમ માંગવાની કે મેળવવાની સીધી કોઈ કાયદાકિય જોગવાઈઓ નથી. પરંતુ, અરજદારોએ દહેશતના આધારે આ મનાઈ હુકમની માંગણી કરી છે. તે અંગે અરજદારો હાલમાં નોકરીમાં નથી. અને સામા. નં–૧ એ સરકારશ્રીના આદેશ મુજબ વલ્લભીપુર નગરપાલીકા વિસ્તારમાં સફાઈકામ તથા ગટર, સફાઈકામ માટે કાયદેસરની પ્રક્રિયા કરી તા. ૧૫/૧૧/૧૪ ના રોજ વર્કઓર્ડર આપવામાં આવેલ છે. તેથી અરજદારો જણાવે છે. તે મુજબ કામે છે નહીં આથી અરજદારોને છુટા કરવા કે ન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ, અરજદારો કામ ઉપર ન હોય તો માંગણી મુજબનો મનાઈ હુકમ મળી ના શકે. આમ, અરજદારો સામા. નં–૧ ને ત્યાં નોકરીમાં નથી. તથા વર્ક કોન્ટ્રાકટના પુરાવાને આધારે અરજદારોની માંગણી મુજબની રજુઆત અંગે પ્રથમ દર્શનીય કેસ નથી.સમતુલાના પલ્લા બાબતે વિચારીએ તો અરજદારોની મુળ આંક–૧ ની અરજી આ અદાલત સમક્ષ પડતર છે. અને નાણાંથી ભરપાઈ ના થાય તે મુદા અંગે પણ અરજદારો મનાઈ હુકમના મુદા નં–૧,૨ તેમની તરફેણમાં પુરવાર કરી શકેલ નથી. તેથી આ મુદો પણ તેમની તરફેણમાં મુલવી શકાય તેમ નથી.અરજદારોની આ અરજી મંજુર થવા યોગ્ય અને પુરતા કારણો ના હોય આ અરજી ઉપરોકત છણાવટથી નીચે પ્રમાણે હુકમ કરી ફેસલ કરવામાં આવે છે.

# હુકમ

અરજદારોની આંક–૧૫ ની આ કામેની દરમ્યાન મનાઈ હુકમ મળવા બાબતની અરજી નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

આજરોજ હુકમ જાહેરકર્યો.

તારીખ :– ૫–૧૨–૨૦૧૪.
ભાવનગર.

(હર્ષદકુમાર દશરથલાલ પંચાલ)
કોડનં.જી.જે.૦૦૪૯૭.
પ્રમુખ અધિકારીશ્રી,
ભાવનગર. કોર્ટનં.૨.